અપીલ અરજી નં.૨૦૩ તા.૫–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટની તા.૪–૭–૧૧ની અરજીથી કોસાડ ખાતે બની રહેલા EWS આવાસ બાબતેની કાયદેસરતા સહિતની સંપૂર્ણ માહિતી મેળવવા બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત આવાસનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું ત્યારે કોર્પોરેશન પાસે કેટલી જગ્યાનું આયોજન હતું તથા કેટલી જગ્યામાં SMC નો કબજો હતો તે ક્ષેત્રફળ પ્રમાણે માહિતી આપવી વિ.મુદ્દા નં.(૧) થી (૮)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૫–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૦૩/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટની તા.૪–૭–૧૧ની અરજીથી કોસાડ ખાતે બની રહેલા EWS આવાસ બાબતેની કાયદેસરતા સહિતની સંપૂર્ણ માહિતી મેળવવા બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત આવાસનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું ત્યારે કોર્પોરેશન પાસે કેટલી જગ્યાનું આયોજન હતું તથા કેટલી જગ્યામાં SMC નો કબજો હતો તે ક્ષેત્રફળ પ્રમાણે માહિતી આપવી વિ.મુદ્દા નં.(૧) થી (૮)ની માહિતી આપવા બાબતે માંગેલ માહિતી કે કોઈ જ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ કરનારને પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ/૬૨૬ તા.૯–૮–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આઉટ/૨૪૪ તા. ૨૦–૮–૧૧થી પુરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ /જાવક/૫૨૫ તા. ૫–૭–૧૧થી અરજી ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલપત્રની નકલ, ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ નં.૨૪૨/૧ તા. ૧૮–૮–૧૧થી મુદ્દા નં. (૩) તથા (૬) અંગે પર્સોનલ ઓફિસર અને પર્સોનલ એન્ડ ઈન્કવાયરી વિભાગે તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, જયારે મુદ્દા નં.(૧) અંગે પત્ર નં. ટીપીડી/ આરટીઆઈ/આ.નં./ ૨૪૨/૨ તા. ૧૮–૮–૧૧થી કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશનને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, મુદ્દા નં.(૪) અંગે પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૨૪૨/૩ તા.૧૮–૮–૧૧ થી નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી એન્ડ વેલ્યુએશન ડિપાર્ટમેન્ટ નાનપુરા સુરતને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી તરફથી ટીપીડી/આરટીઆઈ /આ નં./ ૨૪૩ તા. ૧૮–૮–૧૧થી અરજદારને આપવામાં માહિતીની પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૯–૮–૧૧ ના પૂરક પત્ર મળેલ છે જેની સાથે મુળ અરજીની નકલ, તબદીલ અરજીઓની નકલ, જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૪–૭–૧૧ ની અરજીથી કોસાડ ખાતે EWS બની રહેલ આવાસની કાયદેસરતા બાબતેની માહિતી માંગતી અરજી મ્યુ. કમિ.શ્રીને સંબોધીને સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ /જાવક/૫૨૫ તા. ૫–૭–૧૧થી અરજી ટાઉન પ્લાનીંગ વિભાગને નિયત સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં કોઈ નિર્ણય નહીં મળવાથી અરજદારે તા.૫–૮–૧૧ થી અપીલ અરજી કરવામાં આવેલ. ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી વિલંબથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ નં.૨૪૨/૧ તા.૧૮–૮–૧૧થી મુદ્દા નં. ૩ તથા ૬ અંગે પર્સોનલ ઓફિસર અને પર્સનલ એન્ડ ઈન્કવાયરી વિભાગે તબદીલ કરવામાં આવેલ. મુદ્દા નં.(૧) અંગે પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ.નં./ ૨૪૨/૨ તા. ૧૮–૮–૧૧થી કાર્યપાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશનને તબદીલ કરવામાં આવેલ. મુદ્દા નં.(૪) અંગે પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૨૪૩/૩ તા.૧૮–૮–૧૧ થી નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી એન્ડ વેલ્યુએશન ડિપાર્ટમેન્ટ નાનપુરા સુરતને તબદીલ કરવામાં આવેલ. ડે.કમિ.(પીએન્ડડી) તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૨૪૩ તા.૧૮–૮–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) કોસાડ ખાતે બની રહેલા EWS આવાસનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું ત્યારે કોર્પોરેશન પાસ ે કેટલી જગ્યાનું આયોજન હતું તથા કેટલી જગ્યામાં SMC નો કબજો હતો તે ક્ષેત્રફળ પ્રમાણે માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીટાઉન પ્લાનીંગ તરફથી મુદ્દા નં.૧ ની માંગેલ વિગતો અન્વયે આવાસોનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું ત્યારે ૧૧,૭૬,૪૬૪ ચો.મી. જમીનનો કબ્જો સુરત મહાનગપાલિકા પાસે હતો તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) SMC EWS અના કબ્જા વગરની જગ્યાનું સંપાદનની કાર્યવાહી કયા કર્મચારીના હાથ પર હતી. તથા સંપાદન કયારે થયું જે વિગતો નિર્માણ કાર્ય શરૂ થયું ત્યારથી આજ સુધીનું તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીટાઉન પ્લાનીંગ તરફથી સુરત મહાનગરપાલિકાના કબ્જા વગર જમીનનું

સંપાદન થયેલ નથી. તેવું જણવોલ છે. મુદ્દા નં.(૩) સંપૂર્ણ પ્રકરણમાં કોઈ પણ કર્મચારીની ગેરરીતિ સામે આવેલ હોય તેની ઉપર કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તો ગેરરીતિની કાર્યવાહીની વિગત આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીટાઉન પ્લાનીંગ તરફથી પ્રસ્તુત પ્રકરણમાં કોઈ ગેરરીતિ સામે આવેલ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) નિર્માણ કાર્ય શરૂ થયું ત્યારે જંત્રીનો ભાવ કેટલો હતો તથા વિવાદિત જમીન સંપાદન કરવામાં આવી ત્યારે જંત્રીનો ભાવ કેટલો હતો તથા આ પ્રકરણમાં ગેરરીતિ કે બેજવાબદારી દાખવનાર કર્મચારીના નામ સહિતની વિગતો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી વિવાદિત જમીનોનું સંપાદન થયેલ નથી . મુદ્દા નં.૫ જમીન માલિકોની જમીન સંપાદન કરવામાં આવી તે કઈ જોગવાઈના આધારે કરી તથા જમીન માલીકોને વળતર શું આપવામાં આવેલ જેની વિગતો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીટાઉન પ્લાનીંગ તરફથી સુરત મહાનગપાલિકાના કબ્જા વગર જમીનનું સંપાદન થયેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ ગેરરીતિ કરનાર કર્મચારી વિરુધ્ધની ગેરરિતી મ્યુ. કમિ. સમક્ષ કયારે આવી તે વિગતો આપવી અને કાર્યવાહી કયારે કરી જે વિગતવાર માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પ્રસ્તુત પ્રકરણમાં કોઈ ગેરરિતી સામેલ આવેલ નથી. મુદ્દા નં.(૭) વિવાદિત જમીન બાબતે અન્ય કેટલા અને કયા અરજદારોની ફરીયાદ આવેલી છે જેની વિગતો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીટાઉન પ્લાનીંગ તરફથી વિવાદિત જમીન બાબતે અન્ય કોઈ ફરીયાદ ટાઉન પ્લાનીંગ વિભાગને મળેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ સદર પ્રકરણ બાબતે તત્કાલીન ટાઉન પ્લાનર દિપક શેઠ ની જવાબદારી શું હતી અને તેઓ ધ્વારા શું ભુમિકા ભજવવામાં આવી તેની સંપૂર્ણ માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી સદર પ્રશ્ન હેઠળની જમીનો મેળવવા/સંપાદન કરવાની અંતર્ગત શ્રી દિપકભાઈ શેઠે ડે.ટાઉન પ્લાનર તરીકે ફરજ બજાવેલ છે તેવું જણાવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અપીલ તબકકે પાઠવેલ પત્ર સંદર્ભે અરજદારે તેમના તા.૨૯–૮–૧૧ ના રોજ મ્યુ. કમિ.શ્રીને સંબોધીને પાઠવેલ પત્રમાં ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/આ.નં.૨૪૨/૧–૨–૩ તા.૧૮–૮–૧૧ થી દિન–૪૫ ના વિલંબથી તબદીલ કરવામાં આવેલ છે તેથી તેવા અધિકારી વિરુધ્ધ કાર્યવાહી કરવાની રજૂઆત કરેલ છે. પરંતુ દિન–૪૦ ના વિલંબથી તબદીલ થયેલ છે અને તે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદારની તા.૪–૭–૧૧ ની અરજીથી શરતચૂકથી આપી શકાયેલ ન હોવાથી અરજદારને માહિતી પૂરી પાડવામાં વિલંબ થયેલ હોવાનું જણાવેલ છે. તેમ છતાં આરટીઆઈ એકટની કલમ–૬(૩) મુજબ આરટીઆઈ હેઠળની અરજીની તબદીલી વ્યવહારું હોય તેટલી ઝડપી કરવી જોઈએ પરંતુ કોઈ કિસ્સામાં આવી તબદીલી અરજી મળ્યાની તારીખથી ૫ દિવસ કરતાં મોડી હોવી જોઈશે નહી તથા કલમ–૬(૧) મુજબ કલમ–૬ હેઠળ વિનંતી મળ્યે શકય હોય તેટલી જલ્દી અને કોઈ પણ કિસ્સામાં વિનંતી મળ્યાના ૩૦ દિવસની અંદર ઠરાવવામાં આવે તેવી ફી ની ચૂકવણી કર્યે માહિતી પૂરી પાડવાની જોગવાઈ કલમ–૭(૧) અને (૩) હેઠળ છે જેનું પાલન જાહેર માહિતી અધિકારી કક્ષાએ થયું જણાતું નથી.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૪–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી વિલંબથી પણ માહિતી અરજદારને પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ને કલમ–૬(૩) સાથે ૭(૧) અને ૭(૩) ની જોગવાઈનું પાલન કરવા તકેદારી લેવા પણ સૂચિત કરવામાં આવે છે.

આરટીઆઈ એકટની કલમ–૨૦ હેઠળ આરટીઆઈ કાયદા હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવાની સત્તા રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગુજરાત રાજય ગાંધીનગરને હોઈ અત્રેથી તે અંગે કોઈ કાર્યવાહી કરવા પાત્ર રહેતી નથી. અરજદાર ઈચ્છુક હોય તો કલમ–૧૮ સાથે ૧૯(૩) હેઠળ આ અંગે રાજય માહિતી આયોગને દિન–૯૦ માં બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ